# HISTORY
## PAPER–III
## OCT–11/08

Signature of Invigilators

1. ..................................

2. ..................................

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ..................................

..................................................
(in words)

Name of the Areas/Section (if any)..................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.
10. In case of any discrepancy in Gujarati and English version of Questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તરપોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંક પદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.
૧૦. પ્રશ્નપત્રના પ્રશ્નોમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરમાં કોઈ વિસંગતિ જોવા મળશે તો અંગ્રેજી અર્થને જ માન્ય ગણવામાં આવશે.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|
| 1. | | 11. | |
| 2. | | 12. | |
| 3. | | 13. | |
| 4. | | 14. | |
| 5. | | 15. | |
| 6. | | 16. | |
| 7. | | 17. | |
| 8. | | 18. | |
| 9. | | 19. | |
| 10. | | | |

Total Marks obtained ..................................

Signature of the co-ordinator ....................
(Evaluation)

SEAL

## HISTORY
## ઇતિહાસ

## PAPER III
## પેપર III

*Note :* This paper contains **FOUR** Sections. You are required to attempt **ALL** of them.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો લખવાના છે.

---

### SECTION I
### વિભાગ I

*Note :* Answer the following questions in **500** words. (2×20=40)

**નોંધ :** નીચેના પ્રશ્નોના ૫૦૦ શબ્દોમાં જવાબ લખો. (૨×૨૦=૪૦)

1. Discuss the main features of Indus Valley Civilization.
   સિંધુખીણની સંસ્કૃતિના મુખ્ય લક્ષણોની ચર્ચા કરો.

   ***OR*** **(અથવા)**

   Point out the historical importance of 'Baburnama'.
   બાબરનામાનું ઐતિહાસિક મહત્વ દર્શાવો.

   ***OR*** **(અથવા)**

   Assess the contribution of Prarthana Samaj and Arya Samaj in the socio-religious reform movement.
   સામાજિક અને ધાર્મિક સુધારણા ચળવળમાં પ્રાર્થના સમાજ અને આર્યસમાજના પ્રદાનનું મૂલ્યાંકન કરો.

2. Evaluate 'Indica' and 'Arthashastra' as the sources of Mauryan period.
મૌર્ય સમયના માહિતી-સાધનો તરીકે 'ઇન્ડિકા' અને 'અર્થશાસ્ત્ર' નું મૂલ્યાંકન કરો.

***OR*** **(અથવા)**

Critically examine the legacy of Mughal rule in India.
ભારતમાં મુઘલ શાસનના વારસાનું વિવેચનાત્મક પરીક્ષણ કરો.

***OR*** **(અથવા)**

Trace the circumstances leading to the formation of Swaraj Party and evaluate its contribution to Indian Politics.
સ્વરાજપક્ષની રચના તરફ દોરી જતા સંજોગો દર્શાવી ભારતીય રાજકારણમાં તેનું પ્રદાન મૂલવો.

## SECTION II

## (વિભાગ II)

*Note :* Choose any *one* elective from elective I to III and answer *all* the questions (Q. No. **3** to Q. No. **5**) of the same elective in **300** words. (3×15=45)

નોંધ : વિકલ્પ I થી III માંથી **એક** વિકલ્પ પસંદ કરો અને તે જ વિકલ્પના બધાજ પ્રશ્નો (૩ થી ૫) ના જવાબ દરેકનો ૩૦૦ શબ્દો સુધીમાં આપો. (૩×૧૫=૪૫)

### (Elective I)

### (વિકલ્પ I)

3. Write a critical note on Ashoka's concept of 'Dhamma'.

   અશોકના 'ધમ્મ' વિશેના ખ્યાલ પર વિવેચનાત્મક નોંધ લખો.

4. Make a survey of origin and growth of 'Gandhar School of Art' in ancient India.

   પ્રાચીન ભારતમાં 'ગાંધાર કલા શાખા' ના ઉદભવ અને વિકાસનું સર્વેક્ષણ કરો.

5. Write a critical note on the Administration of the Cholas.

   ચોલોના વહીવટીતંત્ર પર વિવેચનાત્મક નોંધ લખો.

***OR*** **(અથવા)**

### (Elective II)

### (વિકલ્પ II)

3. Evaluate the works of Ziauddin Barni as a historian.

   ઝીયાઉદ્દીન બર્નીની ઇતિહાસકાર તરીકેની રચનાઓનું મૂલ્યાંકન કરો.

4. Discuss the North-West Frontier Policy of Shah Jahan.

   શાહજહાંની વાયવ્ય સરહદ નીતિની ચર્ચા કરો.

5. "Eighteenth century was pregnant with several possibilities." Discuss.

   ''અઢારમી સદીના ગર્ભમાં ઘણી શકયતાઓ છુપાયેલી હતી.'' ચર્ચો.

*OR* (અથવા)

**(Elective III)**

(વિકલ્પ III)

3. "The policy adopted by Lord Dalhousie in India was influenced by the industrial interests of the Britain." Discuss.

   ''ભારતમાં લોર્ડ ડેલહાઉસીએ અપનાવેલી નીતિ બ્રિટનના ઔદ્યોગિક હિતોથી પ્રભાવિત હતી.'' ચર્ચો.

4. Examine the forces responsible for people's awakening in Princely states of India.

   ભારતના દેશી રાજ્યોમાં પ્રજાકીય જાગૃતિ માટે જવાબદાર પરિબળો તપાસો.

5. Write a critical note on the attitude of Indian Capitalist Class to Gandhian movements.

   ગાંધીવાદી આંદોલનો પ્રત્યે ભારતીય મૂડીવાદી વર્ગના વલણ પર વિવેચનાત્મક નોંધ લખો.

**Q. No. 3. Elective ...............**

**Q. No. 4. Elective ...............**

**Q. No. 5. Elective ...............**

## SECTION III

## (વિભાગ III)

*Note :* Answer the following questions in **50** words each. Attempt *all* questions (Q. No. **6** to Q. No. **14**). (9×10=90)

નોંધ : નીચેના દરેક પ્રશ્નનો જવાબ ૫૦ શબ્દોમાં આપો. બધા જ પ્રશ્નોના જવાબ આપો (૬ થી ૧૪). (૯×૧૦=૯૦)

6. What is the concept of 'Syadvad' in Jainism ?
   જૈન ધર્મમાં 'સ્યાદવાદ' નો ખ્યાલ શું છે ?

7. Describe the contribution of Aryabhatta in the field of Astronomy.
   ખગોળ વિદ્યાના ક્ષેત્રમાં આર્યભટ્ટનું પ્રદાન વર્ણવો.

8. Point out the salient features of Pallava architecture.
પલ્લવ સ્થાપત્યના મુખ્ય લક્ષણો દર્શાવો.

9. Write about 'Chisti Silsila' in Western India during the medieval period.
મધ્યકાલીન પશ્ચિમ ભારતમાં 'ચીસ્તી સીલસીલા (પંથ)' વિશે જાણકારી આપો.

10. What do you know about 'Nur Jahan Junta' ?
'નુરજહાંના જૂથ' વિશે તમે શું જાણો છો ?

11. Explain the significance of 'Persian Wheel' in the context of irrigation.
સિંચાઈના સંદર્ભમાં 'પર્શિયન વ્હીલ' નું મહત્વ સમજાવો.

12. Why did Shikhs remain loyal to the Britishers in '1857' ?
'૧૮૫૭' માં શીખો બ્રિટિશરોને શાથી વફાદાર રહ્યા હતા ?

13. Which forces were favouring the investment of British capital in India during the 19th century ?
ઓગણીસમી સદી દરમ્યાન ભારતમાં બ્રિટિશ મૂડીરોકાણને પ્રોત્સાહક પરિબળો કયા હતા ?

14. State the factors responsible for creating biases in history.
ઇતિહાસમાં પૂર્વગ્રહોને જન્મ આપનારાં પરિબળો જણાવો.

## SECTION IV

## (વિભાગ IV)

*Note :* Read the following paragraph and answer questions (Q. No. **15** to Q. No. **19**) given below in **30** words each. Attempt *all* questions.

(5×5=25)

**નોંધ :** નીચેનો ફકરો વાંચી આપેલ દરેક પ્રશ્નો (૧૫ થી ૧૯) ના જવાબ ૩૦ શબ્દોમાં આપો. બધા જ પ્રશ્નોના જવાબ આપો. (૫×૫=૨૫)

The subaltern historians, to put the matter bluntly, have been riding along with the academic, but they must now walk with the subalterns. There is great merit in walking, and the subaltern historians may take a lesson

or two from Gandhi, who walked as many as ten kilometers most days, and often a great deal more. It is with the walk to the sea that a revolution was launched, but Gandhi would have said that walking puts us in touch with our body in different ways, as well as touch with India. Walking introduces a different conception of time working with the boundaries set by clock – time : it formulates ...................... (the) 'structures of feeling' that cannot be encapsulated by the body put in mechanical motion. The subaltern historians have mastered the analytical models derived from European philosophy and the social sciences; they are placed in conversation with some of the other academic trajectories of thought that have become inspirational for our times; their works offers a trenchant critique of colonial, neocolonial, and nationalist historiographies; and, though this consideration will be of more interest to Indians, and perhaps to those in the Southern hemisphere of the world, they have succeeded ............... in placing Indian history on the world map. Yet the subalterns on whose behalf they speak are not very responsive to the historical mode of inquiry or even to the historical mode of living in the body. Their language has more common with the epics, Purans, bhajans, folk tales, proverbs, songs and poems than it does with the language of history. The subaltern historian, reliant on modern knowledge systems, theorizes the subaltern and works on the village; the subaltern, who inhabits the village within and without, has not entirely

abandoned the indigenous knowledge systems. There is something fundamentally out of joint with subaltern studies, and recognition of that disjointedness may yet lead to a more enriched conception of this historical enterprise.

સ્પષ્ટ શબ્દોમાં મૂકીએ તો સબલ્ટર્ન ઇતિહાસકારો વિદ્યાધામોમાં સફળ રહ્યા છે, પરંતુ હવે તેમણે સર્વહારા (સબલ્ટર્ન) વર્ગ સાથે ચાલવું જોઈએ. ચાલવામાં ઘણાં સદગુણો રહેલા છે અને સબલ્ટર્ન ઇતિહાસકારો ગાંધી પાસેથી એક કે બે પાઠ શીખી શકે છે. જેઓ દિવસમાં ઓછામાં ઓછું દસ કિલોમીટર ચાલતા હતા અને ઘણી વખત તેથી પણ વધારે. દરિયા કાંઠે ચાલીને જ એક 'ક્રાંતિ'નો પ્રારંભ કરાયો હતો, પરંતુ ગાંધી આપણને સમજાવે છે કે ચાલવાની ક્રિયા આપણને આપણી જાત સાથે નવી રીતે ઓળખ કરાવે છે અને તે ઉપરાંત ભારત સાથે પણ. ચાલવાની ક્રિયા સમયની એક નવી સંકલ્પનાનો પરિચય કરાવે છે. ઘડિયાળે બાંધેલા સમયની મર્યાદા વચ્ચે કામ કરવાની સાથે તે કેટલાંક 'ભાવાત્મક માળખા' નું સર્જન કરે છે જેની યાંત્રિક રીતે ગતિ કરતાં શરીર દ્વારા અનુભૂતિ થઈ શકતી નથી. સબલ્ટર્ન ઇતિહાસકારોએ યુરોપિય ફિલસુફી અને સમાજવિદ્યાઓમાંથી તારવેલાં પૃથકકરણનાં પ્રતિમાનો (મોડેલ્સ) પર પ્રભુત્વ મેળવ્યું છે, સાંપ્રતમાં પ્રેરણારૂપ બનેલી અન્ય વિચારધારાઓ સાથે તેઓ સંવાદ કરી રહ્યા છે, તેમનાં લખાણો સંસ્થાનવાદી, નવસંસ્થાનવાદી અને રાષ્ટ્રવાદી ઇતિહાસ લેખનનું વેધક વિવેચન રજૂ કરે છે. જો કે આ ધારણા ભારતીયો અને કદાચ દક્ષિણગોળાર્ધમાં વસનારાઓ માટે વધુ રસપ્રદ હશે તો પણ તેમણે ભારતીય ઇતિહાસને વિશ્વના નકશા પર મૂકવામાં સફળતા મેળવી છે. આમ છતાં જેને માટે તેઓ બોલે છે તે સર્વહારાવર્ગ, આ ઐતિહાસિક સંશોધન પદ્ધતિ કે આ ઐતિહાસિક જીવન પદ્ધતિ પ્રત્યે ખાસ પ્રતિભાવ આપતો નથી. તેમની ભાષા ઇતિહાસની ભાષા કરતા મહાકાવ્યો,

પુરાણો, ભજનો, લોકકથાઓ, કહેવતો, ગીતો અને કાવ્યોની ભાષા સાથે વધુ સામ્ય ધરાવે છે. આધુનિક જ્ઞાનપદ્ધતિઓ પર આધાર રાખીને સબલ્ટર્ન ઇતિહાસકારો સર્વહારાવર્ગને લગતા સિદ્ધાંતો આપે છે તથા ગામડા પર કાર્ય કરે છે, જ્યારે ગામ કે ગામ બહાર વસતા સર્વહારાવર્ગે ભારતીય જ્ઞાન પદ્ધતિને સંપૂર્ણ રીતે ત્યજી દીધી નથી. સબલ્ટર્ન અભ્યાસોમાં મૂળભૂત રીતે કશુંક અપ્રસ્તુત છે અને આ અપ્રસ્તુતતાની ઓળખ આ ઐતિહાસિક સાહસને ભાવિમાં વધુ સમૃદ્ધ સમજ તરફ દોરી જઈ શકે તેમ છે.

15. What is implied in 'walking with the subalterns' in this write up ?
પ્રસ્તુત લખાણમાં 'સર્વહારાવર્ગ સાથે ચાલવા' માં શું અભિપ્રેત છે ?

16. What lesson, according to author the subaltern historians can learn from Gandhi ?
લેખકના મતે સબલ્ટર્ન ઇતિહાસકારો ગાંધી પાસેથી કયો પાઠ શીખી શકે છે ?

17. What are the merits of the subaltern historians ?
સબલ્ટર્ન ઇતિહાસકારોની ઉપલબ્ધિઓ શું છે ?

18. Why are the subalterns not very responsive to the subaltern historians ?
સબલ્ટર્ન ઇતિહાસકારો પ્રત્યે સર્વહારાવર્ગ કેમ ખાસ પ્રતિભાવ આપતો નથી ?

19. Which future direction, the author suggests to the subaltern historians ?
લેખક સબલ્ટર્ન ઇતિહાસકારોને કયું ભાવિ દિશા–સૂચન કરે છે ?

## ROUGH WORK

SEAL